સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉત્કર્ષ માટે ખાસ યોજના હેઠળ જાહેર કરેલ તાલુકાઓમાં વિકસતી જાતિ કલ્યાણ સહાયકની જગ્યાઓ ઉભી કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ-૧૫૦૫-ન.બા.૧-અ.
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૨૬ -૯-૦૬

વંચાણે લીધાઃ-

(૧) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૬/૧૦/૮૯ નો ઠરાવ ક્રમાંકઃસશપ/ ૧૪૮૯/ ૧૧૭૩/અ

(૨) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૯/૧૧/૯૪ નો ઠરાવ ક્રમાંકઃ સશપ/ ૧૧૯૪/ ૪૯/અ૧

(૩) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૦/૭/૯૮ નો ઠરાવ ક્રમાંકઃ સશપ/ ૧૦૯૭-ખા.૬./અ૧

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૬/૧૦/૯૯ નો સશપ -૧૭૯૮-ખા.૬-અ૧

(૫) નાણા વિભાગનો તા.૧૬/૨/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંકઃ ખરચ -૨૦૦૨ -૫૭-ઝ.૧

(૬) નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૧૪/૯/૦૫ નો પત્ર ક્રમાંકઃવિજાક-મકમ-૦૫-૦૬-૧૦૪૮

ઠ રા વઃ-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારે આમુખમાં ક્રમાંકઃ (૧) થી (૪) માં જણાવેલ ઠરાવોથી જોગવાઈ કરીને આવા વર્ગોની નોંધપાત્ર સંખ્યામાં વસ્તી ધરાવતા તાલુકાઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની યોજનાઓની ઝડપી અને વ્યવસ્થિત અમલ થાય તે માટે તાલુકા કક્ષાએ સમાજ કલ્યાણ નિરિક્ષકોની જગ્યાઓ ઉભી કરવામાં આવેલી છે. હાલ આવી ૫૫ સમાજ કલ્યાણ નિરિક્ષકોની જગ્યા કાર્યરત છે. રાજ્યના કુલ ૨૨૫ તાલુકાઓ પૈકી ૧૩૯ તાલુકાઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેના ખાસ પ્લાન હેઠળ જાહેર કરાયેલ છે. આ તાલુકાઓમાં સમાજ કલ્યાણ નિરિક્ષકોની જગ્યા મંજુર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે ચાલુ વર્ષે આ યોજના માટે પ્રથમ તબક્કે વિકસતી જાતિ કલ્યાણ સહાયકની ૪૫ જગ્યાઓ પ્રથમ પાંચ વર્ષ માટે માસિક રૂ.૩૫૦૦/- ના ફીક્સ પગારથી મંજુર કરવામાં આવે છે. આ માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં વિભાગ-૧ ની નવી બાબત તરીકે કરવામાં આવેલી જોગવાઈ અન્વયે ખર્ચ કરવાની નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

: ૨ :

595



(૧) આ તમામ જગ્યાઓ નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ –૨૦૦૨–૫૭–ઝ૧ની જોગવાઈ મુજબ રૂા.૩૫૦૦/– ના ફીકસ પગારથી (પાંચ વર્ષ માટે) ભરવાની રહેશે.

(૨) આ જગ્યાઓની ભરતી નિયત પધ્ધતિ પ્રમાણે જ તથા પ્રવર્તમાન નિયમોને અનુસરીનેજ કરવાની રહેશે.

(૩) પાંચ વર્ષ સંતોષજનક સેવા બજાવી હોય તેવા સહાયકોને સરકારી સેવામાં સામેલ કરવામાં આવે તો આ તમામ જગ્યાઓને સરકારની નવીપેન્શન યોજના લાગુ પડશે.

(૪) આ સાથેના પરિશિષ્ટમાં જણાવ્યા મુજબના તાલુકાઓ માટે આ જગ્યાઓ મંજુર કરવામાં આવે છે. આ તાલુકાના સ્થળફેર કરી શકાશે નહી અને સંજોગ વસાત નિયામકશ્રી (વિ.જા) કક્ષાએથી કોઈ પણ સંજોગોમાં સ્થળ ફેર કરવાની જરુરીયાત ઉભી થાય તો સરકારશ્રીની લેખિત પૂર્વ મંજૂરી અચૂક મેળવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજ પત્રના સદર–૨૨૨૫, અનુસૂચિત જાતિઓ અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ–૦૩ પછાત વર્ગોનુ કલ્યાણ–૦૦૧ નિર્દેશ અને વહીવટ–૦૩ બીસીકે–૧૨૭ તમામ કક્ષાએ વહીવટી તંત્રને સંગીન બનાવવું એ હેઠળ થયેલ બજેટ જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧/૯/૦૬ થી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિનેશ.પી.કાપડિયા

( દિનેશ પી.કાપડીયા )
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
- નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી સા. અને શૈ.પ.વ. ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- સર્વે જિલ્લા નાયબ નિયામક/જિલ્લાસમાજ કલ્યાણ અધિકારીશ્રી,
- પસંદગી ફાઈલ.

TRV-127